| | | |
|---|---|---|
| Registration No. | : | CC/03/2026 |
| Filling No. | : | CC/03/2026 |
| Filed On | : | 13/02/2026 |
| Registrered On | : | 13/02/2026 |
| Decided On | : | 14/03/2026 |
| Duration | : | DD MM YYYY |

**IN THE COURT OF JUDICIAL MAGISTRATE FIRST CLASS,**
**(Labour Court) at Sabarkantha, at Himatnagar**

**CRIMINAL CASE NO. 03 OF 2026.**

**EXH. 06**

**Complainant:-** **સરકાર વતી, શ્રી એસ. આર. બોદર,**
સરકારી શ્રમ અધિકારી અને લઘુત્તમ વેતન ધારા હેઠળના
નીરીક્ષક, મદદનીશ શ્રમ આયુક્તની કચેરી,
બી-૦૦૪, ભોંયતળીયે, બહુમાળી ભવન, હાજીપુરા,
હિંમતનગર, સાબરકાંઠા.

**VERSUS**

**Accused:-** (૧) **શ્રી કેશવલાલ મહેન્દ્રભાઈ પટેલ, માલિકશ્રી,**
હોટલ વિનય,
રહે. સરનામું:– સાગતાડા, તા. સેલ્યુમ્બર,
જી.સેલ્યુમ્બર, રાજ્ય:– રાજસ્થાન.
કામનુ સ્થળ:– મજરા ચોકડી નજીક, મજરા, પ્રાંતિજ,
જી. સાબરકાંઠા.

**Appearance:-**

Learned Advocate D.D. Patel for Accused

**JUDGEMENT**

**(૧)** આ કામના ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮ ની કલમ ૧૯ હેઠળ નિરીક્ષક તરીકે નિમાયેલ છે. તેઓ દ્વારા સંસ્થાની તપાસ હાથ ધરતા આરોપીએ લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮ તથા ગુજરાત લઘુત્તમ વેતન નિયમો ૧૯૬૧ અન્વયે કલમ ૧૮ સાથે વાંચતા નિયમ–૨૬(ડી),૨૬(૨),૨૬–બી(૧),૨૨, ૨૧(૪), ૨૫(૧), ૧૨(૧) ના ભંગ કરેલ છે. જે અંગેની ફરીયાદ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ અને આરોપીને નિયમાનુસાર સમન્સ કાઢવા માટેની રજુઆત કરેલ છે.

**(૨)** હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી ઉપરોક્ત કેસ સંબંધે તેમના વકીલશ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતા તેમને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૩૦ અન્વયે ફરીયાદ સાથેના દસ્તાવેજોની નકલ વીના મુલ્યે આપવામાં આવેલી અને આરોપીની આંક–૦૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં આરોપીએ પોતાની સામેના અક્ષેપનો ઈકરાર/કબુલ કરેલ અને આરોપીએ આંક–૦૫ થી કબુલાત પુરસીસ આપેલ અને જણાવેલ છે કે તેઓ કુટુંબ કબીલા વાળો માણસ છે, ફરી આવો ગુનો નહી કરે.

**(૩)** આરોપીને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ, તેમ છતા તેઓ ગુનો કબુલ મંજુર રાખેલ હોય, આરોપીની સ્વેચ્છિક કબુલાતને ન માનવાને કોઈ કારણ રહેતુ નથી, આરોપીની કબુલાત પુરસીસની હકીકતો તથા અત્રેની અદાલત સમક્ષની રજુઆતો ધ્યાને લેતા, આરોપીને નીચે મુજબની શિક્ષા કરવામાં આવશે તો તેઓને ભુલનુ ભાન રેહશે જ્યારે ફરીયાદપક્ષે ન્યાયનો હેતુ સિદ્ધ થયેલુ ગણાશે તેવુ અત્રેની અદાલતને જણાઈ આવતુ હોય વધુમાં **નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના ગુજરાત રાજ્ય વી. નટવર હરચંદજી (જી.એલ.આર.) ૨૦૦૫(૫) પાના નંબર ૭૦૯** ઉપરના કેસમાં આપેલ સમજુતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હીત જળવાઈ રહે તેમ છે અને તે ઉપરાંત આરોપીને

સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ સરશે તેમ હોય, આમ ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ હાલના કેસમાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) આ કામના **આરોપી શ્રી કેશવલાલ મહેન્દ્રભાઈ પટેલ, માલિકશ્રી,** હોટલ વિનય,રહે. સરનામું:- સાગતાડા, તા. સેલ્યુમ્બર, જી.સેલ્યુમ્બર, રાજ્ય:- રાજસ્થાન. કામનુ સ્થળ:- મજરા ચોકડી નજીક, મજરા, પ્રાંતિજ, જી. સાબરકાંઠા નાઓએ સ્વેચ્છીક ગુનો સ્વીકાર કરેલ હોઈ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૫ અન્વયે આરોપીએ લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ તથા લઘુત્તમ વેતન નિયમો ૧૯૬૧ હેઠળ કલમ ૧૮ સાથે વાંચતા નિયમ-૨૬(ડી),૨૬(૨),૨૬-બી(૧),૨૨, ૨૧(૪), ૨૫(૧), ૧૨(૧) ના ભંગ બદલ તકસીરવાન ઠરાવી આરોપીને **રૂ. ૧૪,૦૦૦/- (અંકે રૂપિયા ચૌદ હજાર પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો દીન-૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ: હિંમતનગર.**

D.R.Prajapati

**(સંગ્રામસિંહ ઉદયસિંહ બાબર)**
**જ્યુડી.મેજી.ફ.ક.,લેબર કોર્ટ,**
**હિંમતનગર, સાબરકાંઠા**
**કોડ નં. જી.જે.૦૧૧૭૮**